# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઇમાં મેરીટાઇમ લીડર્સ કોન્ક્લેવને સંબોધિત કરશે.

2) આંધ્રપ્રદેશમાં મોન્થા વાવાઝોડુ ત્રાટકતા ભારે વરસાદથી 43 હજાર હેક્ટરથી વધુના પાકને વ્યાપક નુકસાન.

3) નવી દિલ્હીમાં વાણિજ્યિક કોલસા ખાણના 14મા તબક્કાની હરાજીની આજથી શરૂઆત - કોયલા શક્તિ ડેશબોર્ડનું અનાવરણ કરાશે.

4) નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાનમાળામાં વકત્વ્ય આપશે.

5) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટની પહેલી મેચ આજે રમશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-MARITIME-WEEK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મુંબઇમાં ઇન્ડિયા મેરીટાઇમ વીક 2025 ફોરમની અધ્યક્ષતા કરશે.તેઓ મેરીટાઇમ લીડર્સ કોન્ક્લેવને સંબોધિત કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ કોન્ક્લેવ દરિયાઈ ક્ષેત્રમાં સહયોગ બનાવવા અને તેમાં ભારતના સુધારાઓને પ્રોત્સાહિત કરવા માટે એક ઉત્તમ મંચ છે.

ઇન્ડિયા મેરીટાઇમ વીકમાં 85 થી વધુ દેશો અને એક લાખ પ્રતિનિધિઓ અને 500થી વધુ પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે.

સાંભળીએ એક અહેવાલ...

(BYTE: PRARTHNA MUMBAI)

# CYCLONE-MONTHA

વિનાશક બનેલા ચક્રવાતી મોન્થા વાવાઝોડાને કારણે ગઈકાલે આંધ્રપ્રદેશના કાકીનાડા પર ત્રાટકતા આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડ્યો હતો. આ વાવાઝોડાને કારણે રાજ્યમાં 43 હજાર હેક્ટર પાકને વ્યાપક નુકસાન થયું છે.માછલીપટ્ટનમ અને કલિંગપટ્ટનમ વચ્ચે 90 થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે, મોન્થાએ આંધ્રપ્રદેશ અને યાનમમાં મોટાભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને આજે કેટલીક

જગ્યાએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. તીવ્ર ચક્રવાતી વાવાઝોડાના પ્રભાવ હેઠળ, આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાં ગઈકાલે સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

જોકે, ઓડિશામાં, કેટલાક વિસ્તારોમાં સામાન્ય ભૂસ્ખલન અને વૃક્ષો પડવાના અહેવાલો હતા. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ જણાવ્યું હતું કે ઓડિશા મોન્થાથી મોટા નુકસાનથી બચી ગયું છે. સાવચેતીના પગલાં ઝડપથી લેવાથી લોકોને રાહત મળી છે.

વાવાઝોડાને ધ્યાનમાં રાખીને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) એ 26 ટીમો તૈનાત કરી છે, જેમાંથી 12 આંધ્રપ્રદેશમાં, છ ઓડિશામાં અને ત્રણ ઉત્તરી તમિલનાડુમાં છે. તેણે છત્તીસગઢ અને તેલંગાણામાં પણ કર્મચારીઓને તૈનાત કર્યા છે.

તેલંગાણામાં, મોન્થા વાવાઝોડાના પ્રભાવ હેઠળ હૈદરાબાદ સહિત અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો. નાગરકુર્નૂલ અને નાલગોંડા જિલ્લામાં ગઈકાલથી ભારે વરસાદ પડી રહ્યો છે.

નાગરકુર્નૂલમાં આજે સવારે 5 વાગ્યા સુધીમાં સૌથી વધુ 167.3 મીલી મીટર વરસાદ નોંધાયો છે, જ્યારે નાલગોંડામાં 131.3 મીલી મીટર વરસાદ નોંધાયો છે. તે જ સમયે વાનાપાર્થી, રંગારેડ્ડી, સૂર્યપેટમાં પણ ભારે વરસાદ નોંધાયો છે. હૈદરાબાદમાં ઘણી જગ્યાએ રાત્રે ભારે વરસાદ પડ્યો હતો.

# RAILWAYS-CYCLONE-MONTHA

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી તેમજ સંબંધિત રેલવે અધિકારીઓ સાથે વાવાઝોડા મોન્થાના ભૂસ્ખલન પછી બંને રાજ્યોમાં તાત્કાલિક પુનઃવસન કામ અંગે વાત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, વાવાઝોડાને ધ્યાનમાં રાખીને, વિભાગીય, ઝોનલ અને બોર્ડ સ્તરે વોર રૂમ સક્રિય કરવામાં આવ્યા છે અને પૂર્વ દરિયાકાંઠાના વિભાગોમાં આવશ્યક સંસાધનો તૈનાત કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે વિજયવાડા, વિશાખાપટ્ટનમ અને ગુંટુરમાં રેલવે ટીમો સતર્ક છે અને વિક્ષેપો ઘટાડવા માટે ટ્રેન કામગીરી પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. હવામાન એજન્સી અનુસાર, આગામી બે થી ત્રણ દિવસ સુધી આંધ્રપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ, ગંગા પશ્ચિમ બંગાળ, અને કેરળમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

સૌરાષ્ટ્ર, કચ્છ, વિદર્ભ, ગુજરાત, બિહાર, ઝારખંડ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને મરાઠવાડામાં પણ આવી જ સ્થિતિ રહેશે. હવામાન વિભાગે આ મહિનાની 31મી તારીખ સુધી લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર

ટાપુઓ, દરિયાકાંઠાના અને ઉત્તર આંતરિક કર્ણાટક, પૂર્વ રાજસ્થાન, પૂર્વ ઉત્તર પ્રદેશ અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

દરમિયાન, હવામાન વિભાગે માહિતી આપી છે કે ચક્રવાત મોન્થા દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ પર ચક્રવાતી તોફાનમાં નબળું પડી ગયું છે આગામી 6 કલાક દરમિયાન તોફાનની તીવ્રતા ઘટતાં ઊંડા ડિપ્રેશનમાં ફેરવાઈ ચક્રવાત મોન્થાનો અંતિમ ભાગ જમીન પર પહોંચી ગયો છે

# DISTRACT RAIN

ગુજરાતમાં સતત વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા 24 કલાકમાં 131 તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ વરસાદ બનાસકાઠાના ડિસામા, ગીરસોમનાથના પાટણ-વેરાવળ, તાલાળા અને સુરેન્દ્રનગરના વઢવામાં વરસાદ વરસ્યો છે

ગુજરાતના મુખ્યમંત્રીના આદેશ અનુસાર મંત્રીઓએ વરસાદગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ તાગ મેળવ્યો. આજે યોજાનારી કેબિનેટની બેઠકમાં વરસાદ ગ્રસ્ત વિસ્તારોની મુલાકાત કરીને આવેલા મંત્રીઓ તેમનો અહેવાલ રજૂ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# COAL-AUCTION

**નવી દિલ્હીમાં કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી વાણિજ્યિક કોલસા ખાણના 14મા તબક્કાની હરાજીની આજથી શરૂઆત કરશે.**

**14મા રાઉન્ડમાં હરાજી માટે નવીન શોધાયેલા કોલસા બ્લોકનો એક નવો સેટ રજૂ કરવામાં આવશે, જેમાં જૂના ખાણ સાહસિકોની સાથે નવા ખનનકર્તાઓ અને ટેકનોલોજી-સંચાલિત વિવિધ વેપાર ઉદ્યોગો બંનેને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.**

**આ કાર્યક્રમ દરમિયાન, કોલસા મંત્રાલય બે પરિવર્તનશીલ ડિજિટલ પ્લેટફોર્મ, કોલસા જમીન સંપાદન, વ્યવસ્થાપન અને ચુકવણી (CLAMP) પોર્ટલ અને કોયલા શક્તિ ડેશબોર્ડનું અનાવરણ કરશે.**

**કોલસા મંત્રાલયે જણાવ્યું હતું કે આ હરાજીનો હેતુ વ્યવસાય કરવામાં સરળતા આપવા, વિવિધ રોકાણોને આકર્ષવા અને વ્યાપક ઉદ્યોગ ભાગીદારીને**

પ્રોત્સાહન આપવાનો છે પ્રથમ વખત, મંત્રાલય હરાજી માળખામાં ભૂગર્ભ કોલસા ગેસિફિકેશન (UCG) માટે જોગવાઈઓ રજૂ કરી રહ્યું છે.

UCG ભારતના કોલસા ભંડાર-સંસાધનોનો ઉપયોગ કરવાની પહેલનું પ્રતિનિધિત્વ કરે છે.

## DR. MANSUKH MANDAVIYA

નવી દિલ્હીમાં કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાન આપશે.આ પ્રસંગે માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન પણ હાજર રહેશે.

ભારતના પ્રથમ માહિતી અને પ્રસારણ મંત્રી સરદાર વલ્લભ ભાઈ પટેલના સન્માનમાં, આકાશવાણી વાર્ષિક સરદાર પટેલ સ્મારક વ્યાખ્યાનનું આયોજન કરે છે. ભૂતકાળમાં પ્રખ્યાત નેતાઓ, વૈજ્ઞાનિકો અને ઇતિહાસકારો વ્યાખ્યાન આપ્યા હતા.

## RAILWAYS-FESTIVE-RUSH

છઠ પૂજા પછી મુસાફરોના ઘસારાને ધ્યાને રાખી 12 હજારથી વધુ વિશેષ ટ્રેન 12 લાખથી વધુ રેલવે રેલ્વે કર્મચારીઓ ચોવીસ કલાક કામ કરી રહ્યા હોવાનું રેલવે મંત્રાલયે માહિતી આપી છે

એક નિવેદનમાં, રેલ્વે મંત્રાલયે માહિતી આપી છે ભારે ભીડને નિયંત્રિત કરવા માટે, મુખ્ય સ્ટેશનો પર મુસાફરોની સુવિધાઓ સાથે વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં નવી દિલ્હી સ્ટેશન પર એક નવો કાયમી એરિયા ૭ હજારથી વધુ

મુસાફરોને સમાવી શકે છે અને તે પુરુષો અને સ્ત્રીઓ માટે ૧૫૦ શૌચાલય, ટિકિટ વેન્ડિંગ મશીન અને મફત આર.ઓ પાણીની સુવિધાઓથી સજ્જ છે.

# IND VS AUS CRICKET

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની T20 ક્રિકેટ શ્રેણીનો પહેલો મુકાબલો આજે કેનબેરાના મનુકા ઓવલ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે એક વાગ્યેને 45 મિનિટે શરૂ થશે.

આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાનાર વર્લ્ડ કપની તૈયારી માટે આ શ્રેણી બંને દેશો માટે મહત્વપૂર્ણ રહેશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ શ્રેણીની શરૂઆત જીત માટે મેદાને ઉતરશે. ICC T20 રેન્કિંગમાં પ્રથમ અને બીજા ક્રમે રહેલી ટીમો એકબીજાનો સામનો કરશે.

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે છેલ્લી T20 મેચ 2024 વર્લ્ડ કપના સુપર 8 માં હતી, જેમાં ભારતે જીત મેળવી હતી. ભારતીય ટીમમાં જસપ્રીત બુમરાહની વાપસીથી ખેલાડીઓમાં ઉત્સાહ ફેલાયો છે. બુમરાહને ઓસ્ટ્રેલિયા સામેની તાજેતરની ODI શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો હતો.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોએ આંધ્રના કાંઠે ત્રાટકેલું વાવાઝાડું અને આઠમા પગાર પંચને કેબિનેટની મળેલી મંજૂરીના સમાચારોની હેડલાઇન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે કુદરતનો કેર- આંધ્રમાં વાવાઝોડું ત્રાટકતા ભારે તારાજી
- દિવ્ય ભાસ્કર લખે છે ખુશ ખબર- 18 મહિનામાં 8માં પગાર પંચની ભલામણો આવશે...... કેવડિયા બનશે વધુ ભવ્ય- સરદાર પટેલની 150મી જયંતીએ રૂપિયા 800 કરોડના 16 પ્રોજેક્ટસની ભેટ...
- સંદેશ લખે છે આઠમા પગાર પંચને કેબિનેટની મંજૂરી- 50 લાખ કર્મચારીઓને ફાયદો.....ચક્રવાતી તોફાન મોન્થા આંધ્રના કાંઠે ત્રાટક્યું... એમેઝોન 30 હજાર કર્મચારીઓ છૂટા કરશે - 2022 પછીની સૌથી મોટી છટણી...
- કેન્દ્રના કર્મીઓ આનંદો- આઠમાં પગારપંચને મંજૂરી આ સમાચારને નવગુજરાત સમયે પ્રથમ પાને છાપ્યા છે
- ભારતે ઓસ્ટ્રેલિયામાં 12માંથી સાત મેચ જીતી છે, આજે પ્રથમ 20 મુકાબલો રમાશે.... આ સમાચારને તમામ અખબારોએ રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે.